આ સંસારમાં સૌથી સુખી એ જ વ્યક્તિ છે જે પોતાના ઘરમાં શાંતિ મેળવે છે
- જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૦ | ૨૧ નવેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; કારતક વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર-મહુડી પ્રવાસન પથ ફોરલેન બનશે

## ૩૫ કી.મી. લાંબા માર્ગને ફોરલેન બનાવવા ૮૪ કરોડ ખર્ચાશે : ૧ મીટરના સેન્ટ્રલ વર્જ સાથે રૂટમાં માઈનોર બ્રિજ બનશે : સમગ્ર દેશમાંથી મહુડી તીર્થધામમાં આવતા યાત્રાળુની રોડ સેફટી વધશે

ગાંધીનગર, તા.૨૦

પ્રવાસનપથ તરીકે ઓળખાતા ગાંધીનગર મહુડી માર્ગને ફોરલેન બનાવવાનું કામ ટૂંકમાં શરુ કરી દેવાશે. ૩૫ કી.મી.ના આ માર્ગને ૧૬ મીટર પહોળો કરી ફોરલેનમાં કનવર્ટ કરવા રૂ. ૮૪ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. માર્ગ વચાળે ૧ મીટરનો સેન્ટ્રલ વર્જ નિર્માણ કરાશે. મહુડી માર્ગ ફોરલેન બનાવવા આયોજન થતા ટ્રાફિકની અવરજવર સરળ બનશે.

મહુડી તીર્થધામને લઈ આ માર્ગ પર તીર્થયાત્રીઓની અવર જવર વિશેષ રહે છે. સમગ્ર દેશમાંથી ભાવિકો મહુડી યાત્રાધામમાં દર્શને આવતા ગાંધીનગર મહુડી માર્ગ પર ટ્રાફિકનો સતત ધમધમાટ જોવા મળે છે. સરકાર દ્વારા પણ આ માર્ગને પ્રવાસન પથ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૦માં ગાંધીનગર મહુડીને જોતા માર્ગનું વાઈડનીંગ કામ હાથ ધરવામાં આવ્યું હતું. ૭ મીટરમાંથી ૧૦ મીટર સુધી આ માર્ગને પહોળો કરવા અંદાજિત રૂ. ૨૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે પ્રવાસન પથને ફોરલેન બનાવવાનું આયોજન પણ કરી દેવાયું છે. પાટનગર યોજના વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર પેથાપુર ચોકડીથી મહુડી તીર્થધામને જોડતા ૩૫ કી.મી. લાંબા રસ્તાને ફોરલેન બનાવવા પાછળ રૂ. ૮૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ આ માર્ગ ૧૦ મીટર પહોળો છે. જેને ૧૬ મીટર પહોળો કરી માર્ગ વચાળે ૧ મીટરનો સેન્ટ્રલ વર્જ બનાવાશે. જયારે આ માર્ગના રૂટમાં આવતા હયાત ડીપને લેવલ કરી માઈનોર બ્રિજ બાંધવામાં આવશે. આ પ્રવાસન પથને ફોરલેન બનાવવાનું આયોજન થતા સમગ્ર દેશમાંથી મહુડી જતા તીર્થયાત્રીઓને ટ્રાફિકની

● અનુસંધાન પાન-૭ પર




# ૦ થી ૬ વર્ષના બાળકોના જાતિ પ્રમાણના સુધારમાં જિલ્લામાં નોંધપાત્ર સુધારો

## ૨૦૦૧ની તુલનામાં જિલ્લામાં જાતિ પ્રમાણ દર ૮૧૬થી વધીને ૮૪૭ પર પહોંચતાં બેટી વધાવો અભિયાન વધુ સઘન બનાવવા તંત્રની કવાયત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લામાં ૦ થી ૬ વર્ષના બાળકોના જાતિ પ્રમાણમાં નોંધપાત્ર સુધારો જણાયો છે. અને આ સુધારો સમગ્ર રાજયમાં ત્રીજા ક્રમનો હોવાથી જિલ્લા આરોગ્યતંત્ર એ હવે બેટી વધાવો અભિયાનને વધુ સઘન બનાવવાની કવાયત હાથ ધરી છે.

મળતી સત્તાવાર વિગતો પ્રમાણે ૨૦૦૧માં જિલ્લાનો ક્રમ રાજયમાં ૨૫મો હતો તે હવે થયેલા સુધારાને કારણે ૨૪મા ક્રમ પર આવ્યો છે. જિલ્લામાં દર ૧૦૦૦ પુરૂષ બાળકોએ હવે ૮૪૭ બાળકીઓ જન્મે છે. જે ૨૦૦૧માં ૮૧૬ હતી આમ છેલ્લા એક દસકામાં ૩૧ દિકરીઓએ વધારે જન્મ લીધા છે.

આરોગ્ય તંત્રના દાવા મુજબ આખા રાજયમાં જે હકીકતો બહાર આવી છે તેમાં નવ જિલ્લામાં જન્મદર જે હતો તેમાં ઘટાડો થયો છે પણ મહેસાણા, આણંદ પછી ગાંધીનગર ત્રીજા ક્રમે આવે છે જયાં દિકરી જન્મદરમાં સુધારો નોંધાયો છે

૧૯૯૧ની તુલનામાં ૨૦૦૧માં જિલ્લામાં ૪૫નો ઘટાડો નોંધાયો હતો જેમાં હવે સુધારો થયો છે અને આ સુધારો સ્થિર બને તે માટે તંત્ર એ બેટી વધાવો અભિયાન સઘન બનાવવાનો નિર્ણય કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં મોસમની સૌથી વધુ ઠંડી : પારો ૧૧.૮ ડિગ્રી

## શહેરમાં પુનઃ ઠંડીનો ચમકારો જોવા મળ્યો : મોસમની અત્યાર સુધીની સૌથી ઠંડી નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગઈરાત્રે શહેરીજનોએ આકરી


(તસવીર : દિપક જાની)

ઠંડીનો અનુભવ કર્યો હતો. લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિ.સે. પર પહોંચી જતા વસાહતીઓ ઠંડીમાં ઠુઠવાયા હતા.

સીઝનમાં ઠંડીનો ખરો ચમકારો ગઈકાલે રાત્રે અનુભવાયો હતો. લઘુત્તમ તાપમાન અગાઉના દિવસ કરતા બે ડિગ્રી જેટલુ ઘટી જઈને ૧૧.૮ ડિ.સે. પર અટક્યુ હતુ. જે ચાલુ સિઝનની સૌથી ઓછી ઠંડી છે. ગઈકાલે દિવસો જ વાતાવરણમાં ઠંડક અનુભવાતી હતી. બપોરે થોડાક કલાકોને બાદ કરતા ઠંડકનો અનુભવ સૌ કોઈને થતો હતો. બપોર બાદ સૂર્યનો તડકો ઘટવા લાગ્યો હતો અને તે પછી વાતાવરણમાં ઠંડકનું પ્રમાણ વધવા લાગ્યું હતું. સાંજે છ વાગ્યાથી જ વધુ ઠંડીનો અનુભવ થતા વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા અને બારી-બારણા બંધ કરી દીધા હતા. માર્ગો પરની અવરજવર આઠ-નવ વાગે સાવ ઘટી ગઈ હતી. વહેલી સવારે ઠંડીમાં વધારો થયો હતો. ઠંડીના કારણે વસાહતીઓ સવારે ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. તડકો ચઢ્યા બાદ તેનો આનંદ માણ્યો હતો. ઠંડીમાં વધારો થતા ગરમ વસ્ત્રોના વેચાણમાં વધારો થયો છે. પંખા બંધ થઈ જતાં વીજળીનો વપરાશ ઘટ્યો છે. અને સાથે જ પાણીનો વપરાશ પણ ઘટ્યો છે. જો કે મહત્તમ તાપમાન હજુ ઊંચુ છે. આજે મહત્તમ તાપમાન ૩૨.૦ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૬૫ ટકા અને સાંજે ૫૬ ટકા નોંધાયું હતું.






















